Received on 11/03/2026
Registered on 11/03/2026
Decided on 17/03/2026
Duration 00/00/06
YY/MM/DD

सत्यमेव जयते

**<u>ગાંધીનગર જિલ્લાના ૫માં અધિક સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, ગાંધીનગર</u>**

**<u>ફોજદારી પરચુરણ અરજી નં.૪૦૧/૨૦૨૬</u>**

**<u>આંક –</u>**

**અનિલકુમાર રાયમલભાઈ વાઘરી (દેવીપૂજક),**
ઉ.વ.આ.૩૬, ધંધો– મજૂરી,
રહે. રાયપુર ગામ, રામાપીર વાળો વાસ,
તા.જી.ગાંધીનગર. **.....અરજદાર**

**વિરૂદ્ધ**

**શ્રી સરકાર, ...... સામાવાળા**

**<u>ઉપસ્થિત ધારાશાસ્ત્રીશ્રીઓ :</u>**

અરજદાર/આરોપી તરફે :– વિ.વ.શ્રી કે.આર.શર્મા
સરકાર તરફે :– વિ.પી.પી.શ્રી.એચ.એન.રાવલ

**<u>બીએનએસએસ, ૨૦૨૩ ની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન અરજી</u>**

**–:: <u>જજમેન્ટ</u> ::–**

**૧.** હાલના અરજદાર/આરોપીએ ડભોડા પોલીસ સ્ટેશન પાર્ટ એ– ૧૧૨૧૬૦૦૪૨૫૦૫૧૨/૨૦૨૫, બી.એન.એસ.ની કલમ–૧૦૩(૧), ૧૩૭(૨), ૨૩૮(એ) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાના કામે હાલની અરજી બી.એન.એસ.એસ. ૨૦૨૩ ની કલમ–૪૮૩ અન્વયે ચાર્જશીટ બાદની પ્રથમ વખતની રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલ છે.

**૨.** અરજદારની અરજી દાખલ થતાં સામાવાળાઓને નોટીસ કાઢતાં સરકાર તરફે વિ.પી.પી.શ્રી હાજર રહેલ છે તથા ત.ક.અ.નાઓએ આંક–૬ થી સોગંદનામું રજૂ કરેલ છે.

**૩.** અરજદાર તરફે વિ.વ.શ્રી કે.આર.શર્મા રજૂઆત કરેલ છે કે, આ કામના અરજદાર/આરોપી

તા.૧૪/૧૧/૨૦૨૫ ના રોજ અટક કરી નામ.મેજી.સાહેબની કોર્ટ સમક્ષ રજૂ કરતાં અરજદારને જ્યુડીશીયલ કસ્ટડીમાં મોકલેલ. ત્યારબાદ અરજદારે ક્રિ.પ.અ.નં.૧૭૧૩/૨૦૨૫ થી જામીન અરજી રજૂ કરેલ, જે નામ.કોર્ટ ધ્વારા નામંજૂર થયેલ છે. અરજદાર/આરોપીએ ફરીયાદ મુજબનો કહેવાતો આક્ષેપીત ગુનો કરેલ નથી અને તેઓને ખોટી રીતે સંડોવણી કરેલ છે. તપાસ પૂર્ણ થતા ચાર્જશીટ થઈ ગયેલ છે. જેનો ક્રિમીનલ કેસ નં.૪૫૯/૨૦૨૬ તથા સેશન્સ કેસ નં.૧૩/૨૦૨૬ છે.

**૩.૧** વધુમાં જણાવેલ છે કે, આ કામે ફરિયાદીની ફરિયાદ મુજબ સદરહું આરોપીએ આ કામે મરણ જનાર ફરિયાદીની દિકરી જનક ઉર્ફે જાનુ ઉ.વ.૦૯ વર્ષ ૧૧ મહિનાનું તા.૧૨/૧૧/૨૫ ના સવારના આશરે દશેક વાગ્યાના સુમારે મોજે.રાયપુર ગામ, રામાપીર વાળો વાસ ફરિયાદીના ઘર આગળથી કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી પોતાના ઘરે લઈ જઈ મરણ જનાર જનક ઉર્ફે જાનુને ગળે બુટની દોરીથી ટૂંપો આપી, મોત નિપજાવી ઈંટના રોડાથી મોઢું છૂંદી નાંખી પ્લાસ્ટિકની કોથળીમાં લાશ મુકી, કોથળીનું મોઢીયું સાડી કે દુપટ્ટાના કપડાથી બાંધી લાશને નાશ કરવાના ઈરાદે સાહેદ કમલેશ રમેશભાઈ ઠાકોરના ઘરની પાછળ આવેલ ખુલ્લી જગ્યામાં મુકી, નાસી જઈ જિલ્લા મેજી.સાહેબના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કર્યો હોવાનો આક્ષેપ છે.

**૩.૨** વધુમાં જણાવેલ છે કે, અરજદાર તદન નિર્દોષ છે. પોલીસ ફકત કામગીરી બતાવવા સારું હાલના અરજદારને ખોટી રીતે કબૂલાત કરાવી સદર ગુન્હાના કામે અટક કરેલ છે. સદર કામે પોલીસ તપાસ પૂર્ણ કરીને ચાર્જશીટ દાખલ થઈ ગયેલ છે જે જોતાં, અરજદારે ગુન્હામાં કોઈ પ્રત્યક્ષ કે પરોક્ષ ભાગ ભજવેલ નથી તેમજ અરજદાર ઘણા લાંબા સમયથી જ્યુડી.કસ્ટડીમાં હોય જેથી તેની કસ્ટોડિયલ ઈન્ટ્રોગેશનમાં અરજદારની હાજરીની તપાસ માટે જરૂર નથી. વધુમાં, ભોગબનનારને સદર કામના અરજદારે મારેલ હોય તેવા કોઈ નજરે જોનાર સાક્ષી નથી. જ્યારે આ કામે કરવામાં આવેલ રિકવરી ઈંટનું રોડું અને કપડાં અરજદારના કબ્જામાંથી મળ્યા હોવાનું સાબિત કરવા માટે કોઈ સ્વતંત્ર સાક્ષીઓનું સમર્થન મળતું નથી. વધુમાં, સદર કામના સાક્ષી પાડોશી કલ્પેશ ઠાકોર અને અન્યોના નિવેદનોમાં નોંધપાત્ર વિસંગતતાઓ છે. વધુમાં, રજૂઆત કરેલી છે કે, અરજદાર સ્થાનિક વતની છે. કયાંય નાસી–ભાગી જાય તેમ નથી. લાંબા સમયથી જ્યુડી.કસ્ટડીમાં છે. જો અરજદારને જામીન મુકત કરવામાં ના આવે તો તેઓના

પરિવારજનોને ભોગવવાનો વારો આવે તેમ છે. નામ.કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવાની ખાતરી આપે છે તેમજ નામ.સુપ્રિમ કોર્ટ તથા નામ.હાઈકોર્ટના વખતો વખત પ્રસ્થાપિત કરેલ ચુકાદાઓને ધ્યાનમાં લઈ અરજદારની રેગ્યુલર જામીન અરજી મંજૂર કરવા અરજ કરેલ છે.

**૪.** સરકાર તરફે વિધ્વાન પબ્લીક પ્રોસીકયુટરશ્રીએ રજૂઆત કરેલ છે કે, સદરહું આરોપીએ આ કામે મરણ જનાર ફરિયાદીની દિકરી જનક ઉર્ફે જાનુનું તા.૧૨/૧૧/૨૫ ના સવારના આશરે દશેક વાગ્યાના સુમારે ફરિયાદીના ઘર આગળથી કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી પોતાના ઘરે લઈ જઈ મરણજનાર જનકને ગળે બુટની દોરીથી ટૂંપો આપી, મોત નિપજાવી ઈંટના રોડાથી મોઢું છૂંદી નાંખી પ્લાસ્ટિકની કોથળીમાં લાશ મુકી, કોથળીનું મોઢીયું સાડી કે દુપટ્ટાના કપડાથી બાંધી લાશને નાશ કરવાના ઈરાદે સાહેદ કમલેશ ઠાકોરના ઘરની પાછળ આવેલ ખુલ્લી જગ્યામાં મુકી, નાસી જઈ જિલ્લા મેજી.સાહેબના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કર્યો હોવાનો આક્ષેપ છે. વધુમાં, આ કામે અરજદારે અગાઉ નામ. અદાલતમાં ક્રિ.પ.અ.નં.૧૭૧૩/૨૦૨૫ થી રેગ્યુલર જામીન અરજી રજૂ કરેલ, જે નામ.સેશન્સ કોર્ટે નામંજૂર કરેલ હતી તેમજ અરજદાર સામે ખેરાલુ પો.સ્ટે.માં અન્ય ગુના પણ દાખલ થયેલા છે. અરજદાર તથા સાહેદો એક જ ગામમાં રહેતા હોય, સાહેદોને ધમકાવે, ખોટા નિવેદનો અપાવે, બોલાચાલી ઝઘડો કરી સુલેહ શાંતિનો ભંગ કરે તેવી શકયતાઓ રહેલી છે. જો અરજદાર/આરોપીને જામીન મુકત કરવામાં આવે તો પુરાવા સાથે ચેડા થવાની પૂરેપૂરી શકયતાઓ રહેલી છે તેમજ સમાજમાં ખરાબ અસર થાય તેમ છે. વધુમાં, ચાર્જશીટ થઈ જવા માત્રથી આરોપીને જામીન આપી શકાય નહી, કારણ કે, અરજદારનો ગુનામાં મુખ્ય રોલ છે અને આરોપીની અરજીમાં કોઈ વિશેષ સંજોગોમાં ફેરફાર થયેલ હોય તેવું જણાઈ આવતું નથી.

**૫.** ઉભય પક્ષોની રજૂઆતો સાંભળી. એફ.આઈ.આર., પોલીસના સોગંદનામા તથા તપાસના પેપર્સ વંચાણે લીધા. આ કામના અરજદાર/આરોપી સામે ડભોડા પોલીસ સ્ટેશન પાર્ટ એ–૧૧૨૧ ૬૦૦૪૨૫૦૫૧૨/૨૦૨૫, બી.એન.એસ.ની કલમ–૧૦૩(૧), ૧૩૭(૨), ૨૩૮(એ) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના મુજબના ગુન્હાના આક્ષેપ છે.

➢ બન્ને પક્ષકારોની રજૂઆતો અને રજૂ થયેલ પેપર્સ ધ્યાને લેતાં ફરીયાદીની મરણજનાર દિકરી કે જેની ઉંમર ૯ વર્ષ અને ૧૧ માસ ની છે. તેની હાલના અરજદાર/આરોપીએ અપહરણ કરી પોતાના ઘરે લઈ જઈ ગળે ટૂપો આપી ગંભીર ઈજાઓ પહોંચાડી મૃત્યુ નિપજાવેલું છે. અને આ લાશનો નાશ કરવાના હેતુથી કોથળીમાં મૂકીને સાહેદ કમલેશ ઠાકોરના ઘરની પાછળ ખુલ્લી જગ્યામાં મુકી નાસી ગયેલા છે. આ હકીકત સાહેદ કમલેશભાઈ રમેશભાઈ ઠાકોરના નિવેદનઅને અન્ય સાહેદોના નિવેદન ધ્યાને લેતાં પ્રથમદર્શનીય રીતે જણાય છે. વધુમાં, પી.એમ.રીપોર્ટ ધ્યાને લેતાં ફરીયાદીની દિકરીનું મૃત્યુ ગળાના ભાગે ટૂંપો આપવાથી થયેલું હોવાનું પણ જણાય છે. તપાસ કરનાર અમલદારશ્રીની રજૂઆાત ધ્યાને લેતાં આરોપી, ફરિયાદી અને સાહેદો એક જ ગામમાં રહેતા હોય, સાહેદોને ધમકાવે, ખોટા નિવેદનો અપાવે, બોલાચાલી ઝઘડો કરી સુલેહ શાંતિનો ભંગ કરે તેવી શકયતાઓ રહેલી છે. જો અરજદાર/આરોપીને જામીન મુકત કરવામાં આવે તો પુરાવા સાથે ચેડા થવાની પૂરેપૂરી શકયતાઓ રહેલી છે તેમજ સમાજમાં ખરાબ અસર થાય તેમ છે. નામદાર સર્વોચ્ચ અદાલતના **AIR 2017 S.C. 5398, ANILKUMAR YADAV V/S STATE OF (NCT) DELHI** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, આરોપી સામે પ્રથમદર્શનીય કેસ હોય અને ફરીયાદપક્ષના પુરાવા સાથે છેડછાડ થાય તેવી શકયતા જણાતી હોય તેવા સંજોગોમાં જામીન મંજૂર કરી ન શકાય. વધુમાં, અરજદારની સમગ્ર અરજી જોવામાં આવે તો અગાઉ નામ.સેશન્સ અદાલતે ચાર્જશીટ પૂર્વેની હાલના અરજદારની જામીન અરજી નામંજૂર કરેલ છે. જેથી ચાર્જશીટ પહેલાની અરજી તથા હાલની આ ચાર્જશીટ બાદની પ્રથમ અરજીમાં કોઈ પણ નવીન કારણ કે બદલાયેલા સંજોગો ઉપસ્થિત થયેલ હોય તે દર્શાવવામાં અસફળ રહેલ છે અને માત્ર ચાર્જશીટ થયેલ હોય આરોપીને જામીન મુકત કરવા રજુઆત કરેલ છે. **નામદાર સર્વોચ્ચ અદાલત ૨૦૧૮ ક્રિમી.લો.જર્નલ ૨૭૬૩ વિરુપક્ષા ગૌડામાં વિ. સ્ટેટ ઓફ કર્નાટકા** માં ઠરાવેલ છે કે, ચાર્જશીટ રજૂ થવાથી બદલાયેલા સંજોગો ગણી શકાય નહી. હાલના કેસની હકીકત પણ ધ્યાને લેતા અન્ય કોઈ નવીન સંજોગો ઉપસ્થિત થતા હોય તેમ જણાતું નથી અને આરોપીની સંડોવણી ગુનામાં પ્રથમ દર્શનીય રીતે હાલના તબકકે જણાઈ આવે છે.

➢આમ, અરજદાર/આરોપીએ ખૂબ જ નિર્દયતાથી આ કામે ૦૯ વર્ષ અને ૧૧ માસની મરણ જનાર જનક ઉર્ફે જાનુનું ફરિયાદીશ્રી સાથેના ઝગડાની અદાવત રાખી તેનું અપહરણ કરી, તેની ક્રૂરતાપૂર્વક હત્યા કરી, પુરાવાનો નાશ કરી ગંભીર પ્રકારના ગુનામાં સંડોવાયેલ હોય તેમજ અગાઉની ચાર્જશીટ પહેલાની રેગ્યુલર જામીન અરજી નામંજૂર કરવામાં આવેલ છે. આ સંજોગોમાં કોઈ બદલાયેલા સંજોગો જણાઈ આવતા ન હોય અને તપાસ કરનાર અધિકારીશ્રીએ આરોપી સામે પુરતા પુરાવા એકત્રીત કરી ચાર્જશીટ કરેલ છે અને આરોપી તરફે જે દલીલો કરેલ છે તે સમગ્ર પુરાવાનો વિષય છે. તેથી ગુનાની ગંભીરતા, આરોપીએ ગુનામાં ભજવેલ ભાગ તથા સમાજ પર તેની અસરો ધ્યાને લેતાં અરજદાર/આરોપીની ચાર્જશીટ બાદની રેગ્યુલર જામીન અરજી મંજુર કરવાપાત્ર જણાતી ન હોઈ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

અરજદાર **અનિલકુમાર રાયમલભાઈ વાઘરી (દેવીપૂજક)**, ઉ.વ.આ.૩૬, ધંધો– મજૂરી, રહે. રાયપુર ગામ, રામાપીર વાળો વાસ, તા.જી.ગાંધીનગર. નાઓની ડભોડા પોલીસ સ્ટેશન પાર્ટ એ–૧૧૨૧૬૦૦૪૨૫૦૫૧૨/૨૦૨૫, બી.એન.એસ.ની કલમ–૧૦૩(૧), ૧૩૭(૨), ૨૩૮(એ) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાના કામે બી.એન.એસ.એસ. ૨૦૨૩ ની કલમ–૪૮૩ મુજબની ચાર્જશીટ બાદની રેગ્યુલર જામીન અરજી આથી ના મંજૂર કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ–**૧૭** માહે **માર્ચ** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

**તારીખ : ૧૭–૦૩–૨૦૨૬**
**સ્થળ : ગાંધીનગર.**

//M.D.C//

**( દિલીપ પુખરાજ પુરોહિત )**
**GJ00928**
**૫માં અધિક સેશન્સ જજ,**
**ગાંધીનગર.**